

## ડીસામાં કમોસમી વરસાદના પગલે ધુમ્મસનું સામ્રાજ્ય

ડીસા સહિત સમગ્ર જિલ્લામાં ગુરુવારે ખાબકેલા કમોસમી વરસાદના પગલે ખેતીના પાકોને ભારે નુકસાન સાથે અનેક વૃક્ષ ધરાસાઈ થવા સાથે પશુઓના પણ મોત નિપજવાની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. જે વરસાદના પગલે સમગ્ર ડીસા પંથકમાં ધુમમ્સનું સામ્રાજ્ય છવાઈ જવા પામ્યું હતું. જેમાં શુક્રવારના રોજ વહેલી સવારથી ગાઢ ધૂમમ્સ છવાઈ જતા હિલ સ્ટેશન જેવો નયનરમ્ય નજારો સર્જાઈ જતા સમગ્ર વાતાવરણ આહલાદક બની ગયું હતું. ગાઢ ધૂમમ્સના કારણે ધોળા દિવસે પણ વાહનચાલકો લાઈટો ચાલુ રાખી પસાર થતા નજરે ચડ્યા હતા. મોડી સવાર સુધી ધુમમ્સ છવાયેલું રહેતા ગુલાબી ઠંડી સાથે મીની માઉન્ટઆબુનો નજારો સર્જાયો હતો. ગાઢ ધૂમમ્સના કારણે હાઈવે ઉપરથી પસાર થતા અનેક વાહનચાલકો અંધારામાં અટવાઈ ગયા હતા. ધૂમમ્સ સાથે ઠંડીના પ્રમાણમાં પણ વધારો થવા પામ્યો હતો આમ માગશર મહિનામાં પડેલ વરસાદના પગલે ઠંડીમાં પણ નોંધ પાત્ર વધારો થવા પામ્યો હતો. હવે ઠંડીનું જોર વધવાની શકયતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# સાબરકાંઠામાં ગાઢ ધુમ્મસને પગલે વાહનચાલકો અટવાયા

## વહેલી સવારે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ ખેતીના પાકોને નુકસાન થવાની ભિતી

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં ત્રણ દિવસ અગાઉ પલ્ટાયેલા વાતાવરણ બાદ ગુરૂવારે હિંમતનગર સહીત જિલ્લાના અનેક સ્થળે સાંજના સુમારે પવન અને ગાજવીજ સાથે થયેલા માવઠા બાદ વાતાવરણ ઠંડુગાર બની ગયુ હતુ. તો બીજી તરફ શુક્રવારે વહેલી સવારે અચાનક વાતાવરણ પલ્ટાયા બાદ ગાઢ ધુમ્મસ પડવાનું શરૂ થઈ ગયુ હતુ. તો બીજી તરફ ઠંડી પણ વધી ગઈ હતી. દરમ્યાન વહેલી સવારે પડી રહેલા ગાઢ ધુમ્મસને લઈને રોડ પરથી પસાર થતા વાહનચાલકો અટવાઈ ગયા હતા.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સહીત અન્ય સ્થળે ગુરૂવારે સાંજે થયેલા માવઠા થયા બાદ ઠંડીના એકદમ વધારો થઈ ગયો હતો. રાત્રે પડેલા વરસાદને લઈને રોડ પણ ભીના થઈ ગયા હતા. આખી રાત ઠંડો પવન ચાલુ રહેવાને કારણે લોકો ઘરમાંથી બહાર નીકળવાનુ નામ લેતા ન હતા. તો બીજી તરફ મુંગા પશુઓ અને પક્ષીઓ ઠંડીને લીધે ઠરી ગયા હતા.

દરમ્યાન શુક્રવારે સવારે પાંચ વાગ્યે અચાનક આકાશમાંથી ધુમ્મસ પડવાનુ શરૂ થઈ ગયુ હતુ. જેના લીધે જોતજોતામાં ઝાડના પાંદડાઓમાંથી પાણી ટપકવાનુ શરૂ થઈ ગયુ હતુ. ત્યારબાદ અડધા કલાક સુધી વાતાવરણ પૂર્વવત થયુ હતુ અને ફરી પાછુ સાડા છ વાગ્યા સુમારે ફરીથી ધુમ્મસ પડવાનુ ચાલુ થઈ જતા પાંચ ફૂટના અંતર સુધી પણ કશુ દેખાતુ ન હતુ. જેને લઈને ખાસ કરીને ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. જો આવુ ગાઢ ધુમ્મસ બે દિવસ ચાલુ રહે તો તેના કારણે ખાસ કરીને દિવેલાના પાન બગડી જશે.



શુક્રવારે વહેલી સવારે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ ધુમ્મસ પડવાનુ શરૂ થતાની સાથે ઠંડીમાં એકદમ વધારો થઈ ગયો હતો. એક તરફ ધુમ્મસ તો બીજી તરફ ઠંડીને લીધે વાહન લઈને રોડ પરથી પસાર થતા લોકોને દિવસે પણ વાહનની લાઈટ ચાલુ રાખવી પડી હતી. વાતાવરણમાં આવેલા આ બદલાવની અસરો શુક્રવારે સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી રહી હતી. જિલ્લાના મુખ્ય રસ્તાઓ પર ધુમ્મસને લઈને આગળ દેખાતુ ન હોવાને કારણે અનેક વાહનચાલકોએ તરતજ પોતાના વાહનો રોડની સાઈડમાં ઉભા કરી દીધા હતા.જેને લઈને ધુમ્મસને કારણે કોઈ વાહનચાલક પડી ગયો હોય અથવા તો અકસ્માતનો ભોગ બન્યો હોય તેવુ જાણવા મળ્યુ નથી.

સમગ્ર જિલ્લામાં ગુરુવારે ખાબકેલા કમોસમી વરસાદના પગલે ખેતીના પાકોને ભારે નુકસાન સાથે અનેક વૃક્ષ ધરાસાઈ થવા સાથે પશુઓના પણ મોત નિપજવાની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. જે વરસાદના પગલે સમગ્ર ડીસા પંથકમાં ધુમમ્સનું સામ્રાજ્ય છવાઈ જવા પામ્યું હતું. જેમાં શુક્રવારના રોજ વહેલી સવારથી ગાઢ ધૂમમ્સ છવાઈ જતા હિલ સ્ટેશન જેવો નયનરમ્ય નજારો સર્જાઈ જતા સમગ્ર વાતાવરણ આહલાદક બની ગયું હતું. ગાઢ ધૂમમ્સના કારણે ધોળા દિવસે પણ વાહનચાલકો લાઈટો ચાલુ રાખી પસાર થતા નજરે ચડ્યા હતા. મોડી સવાર સુધી ધુમમ્સ છવાયેલું રહેતા ગુલાબી ઠંડી સાથે મીની માઉન્ટઆબુનો નજારો સર્જાયો હતો. ગાઢ ધૂમમ્સના કારણે હાઈવે ઉપરથી પસાર થતા અનેક વાહનચાલકો અંધારામાં અટવાઈ ગયા હતા.

## પ્રાંતિજ તાલુકામાં કમોસમી વરસાદથી ફલાવર-કુબી સહિત શાકભાજીને મોટુ નુકશાન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ગઈકાલે પડેલ કમોસમી વરસાદને લઈને પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજી પકવતા ખેડૂતોને મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. જેમાં ફલાવર કુબી સહિત શાકભાજી પકવતા ખેડૂતોને મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.



ગુજરાતભરમાં કમોસમી વરસાદે ફરી દેખાવો દેતા ધરતી પુત્રોમાં નિરાશા જોવા મળી હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં ફલાવર કુબી પકવતા અંદાજે ૨૦૦ એકરથી વધારે નુકશાની થતા ખેડૂતોને સહન કરવાનો વારો આવ્યો છે. અન્ય શાકભાજી પકવતા ખેડૂતોને પણ નુકશાની સહન કરવા નો વારો આવ્યો છે. ૧૮૦ એકર વરીયાળી, ચણા, જીરૂ પકવતા ખેડૂતોને પણ કમોસમી વરસાદને લઈને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. હાલ જાણે અતિવૃષ્ટિ, કેનાલમાં ગાબડા કમોસમી વરસાદ અને ફરી આ કમોસમી વરસાદ પડતા ખેડૂતો ઉપર આફતના વાદળો મંડાયા હોય તેવું હાલ તો સ્પસ્ટપણે જણાઈ આવે છે.

# હિંમતનગરમાં વિકાસના વિવિધ કામોનું લોકાર્પણ-ખાતમુર્હૂત કરાયા

### પ્રજાના વિકાસની આંકાક્ષા અને અપેક્ષા સાચા અર્થમાં પરીપૂર્ણ કરવાનું કામ રાજય સરકાર કરે છે : નીતિનભાઇ પટેલ

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના શહેરીજનો જેની લાંબા સમયથી રાહ જોતા



હતા તેવા રૂ. ૧૩.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત રેલ્વે અંડર બ્રિજ તેમજ શહેરની શોભામાં અભિવૃધ્ધિ કરનાર સિવિલ સર્કલ, મોતીપુરા, મહેતાપુરા વિસ્તારમાં રૂ. ૩૯.૪૪ લાખના ખર્ચે સર્કલોનુ આધુનિકરણ કરવાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત ગુરુવારે સાંજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

હિંમતનગરના ડૉ. નલીનકાન્ત ગાંધી ટાઉનહોલ ખાતે નગરવાસીઓને વિકાસના કાર્યોનું પ્રજાપર્ણ કરતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે હર્ષભેર જણાવ્યું હતુ કે આ શહેર સાથે મારો જુનો નાતો છે, હિંમતનગર હંમેશા વિકાસની કૂચમાં અગ્રેસર રહ્યુ છે. અહિના ગરીબ આવાસો આપવાની વાત હોય, કેનાલનું બ્યુટીફિકેશન કે મેડિકલ કોલેજ સહિતના તમામ સુવિધાઓ એક મહાનગરને મળતી હોય તેટલી સુવિધા હિંમતનગરને મળી છે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુંકે, હિંમતનગરનો વિકાસ સાહસિક મનોવૃતિ ધરાવતા પ્રફૂલભાઈ પટેલને આભારી છે એમ કહીઓ તો ઓછુ નથી તેમના ધારાસભ્ય કાળ દરમિયાન હિંમતનગરમાં મહત્તમ વિકાસના કાર્યો થયા છે અને હાલ પણ વિકાસની કૂચ અવિરત ચાલુ છે. તેમણે અગાઉની સરકારની વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે ગરીબોને સહાયથી વંચિત રાખ્યા છે. જયારે કેન્દ્રની અને રાજયની આ સરકાર ગરીબો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકીને તેમને પગભર બનાવવાનું કામ કર્યુ છે. રાજયના ગરીબ-પિડીત અને શોષિતોને તેમના હક્કને પ્રસ્થાપિત કરવાનું કામ આ સરકાર કરી રહી છે. તેમણે કશ્મીરના મુદ્દાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતુ કે, ૩૭૦ કલમ નાબૂદ કરતા કશ્મીરવાસીઓને સાચા અર્થમાં આઝાદીનો અહેસાસ કરાવ્યો છે. તેમણે કેન્દ્રના ક્રાંતિકારી કદમોનો પણ ઉલ્લેખ કર્યો હતો. નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે શહેરને અત્યાધુનિક સગવડો મળી રહે છે તેનાથી સંતોષ માનવાની જરૂર નથી કેમ કે વિકાસની અપેક્ષા જો પૂર્ણ થઈ જાય તો તે વિકાસ નથી પરંતુ પ્રજાના વિકાસની આંકાક્ષા અને અપેક્ષા પૂર્ણ કરવાનું કામ રાજયની સરકાર કરી રહી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવયું હતું. આ પ્રસંગે દમણ, દીવ અને દાદરાનગર હવેલીના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ જણાવ્યું હતું કે કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીની સરકાર અને રાજયની આ સરકાર હરહંમેશા તત્પર છે. હિંમતનગરના વિકાસમાં રેલ્વે અંડરબ્રિજનું નિર્માણ થતા પોલોગ્રાઉન્ડથી મહાવીરનગરને જોડતો બ્રિજ લોકો માટે ખૂબ જ લાભદાયી નિવડશે તેમણે હિંમતનગરના વિકાસમાં હંમેશા નીતિનભાઈનો સાથ સહકાર મળ્યો હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# દિકરી બની દિકરા સમાન સુત્રને સાર્થક કર્યું

### ભિલોડાના નવા ભવનાથમાં માતાના અવસાન પ્રસંગે દિકરીઓએ કાંધ, અગ્નિદાહ આપતાં સૌ-કોઈ ભાવુક

ભિલોડા,તા.૧૩

પાશ્ચાત સંસ્કૃતિનું વળગણ લાગતાં ૨૧મી સદીના હાઈટેક યુગમાં અમુક દિકરાઓ માતા-પિતાની સેવા ચાકરી કરતા નથી તેવા કિસ્સા સમાજમાં ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે. વૃધ્ધાશ્રમની સંખ્યા દિન-પ્રતિ-દિન વધી રહી છે તે ભારતીય સંસ્કૃતી માટે ખરેખર ચિંતાજનક બાબત છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથ વિસ્તારમાં માતાના અવસાન પ્રસંગે દિકરીઓએ કાંધ, અગ્નિદાહ આપી "દિકરી બની - દિકરા સમાન " દિકરો - દિકરી એક સમાન સુત્રને સાર્થક કર્યુ હતું. સગાં-સબંધીઓ,ગ્રામજનો ભાવુક થઈ ગયા હતા.નવા ભવનાથ ગામના રહેવાસી સુભદ્રાબેન ભવાનીશંકર રાવલનું ૮૦ વર્ષની જૈફ વયે તા.૧૨/૧૨/૨૦૧૯ ને શુક્રવારના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં અવસાન થયેલ હતું. માતાને દિકરો ન હોઈ પરંતુ દિકરીઓ હતી. ૨૧મી સદીના હાઈટેક યુગમાં દિકરાઓ માતા-પિતાની સેવા ચાકરી કરતા નથી તેવા કિસ્સા સમાજમાં ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે. સમાજની આંખ ઉઘાડે તેવો કિસ્સો જોવા મળ્યો હતો. સુભદ્રાબેન રાવલના અવસાન બાદ તેમની દિકરીઓ ગીતાબેન, મીનાબેન, સંગીતાબેન અને ભાણી કિરણબેન, જલ્પાબેન, નિલ્પાબેન તેમજ ભાણેજ નિકુંજભાઈ, નિખિલભાઈ સહિત કનલએ માતા-નાની ની નનામીને કાંધ આપી, અગ્નિદાહ અશ્રુભીની આંખે આપતાં સ્મશાનમાં ઉપસ્થિત સૌ-કોઈ ભાવુક થઈ ગઈ હતા.

મોંઘવારીના જમાનામાં વર્તમાન સમયકાળ દરમ્યાન સમાજમાં મોટા ભાગે લોકો દિકરાઓ માટેની આશા રાખતા હોય છે ત્યારે ભ્રૂણ હત્યા કરતા પણ અટકતા નથી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે દિકરો-દિકરી એક સમાન સુત્રને જાણે કે સાર્થક કર્યુ હોય તેમ નવા ભવનાથની દિકરીઓએ સાહસિક, અનુકરણીય, શ્રેષ્ઠ ફરજ બજાવી સમાજને એક ઉત્તમ ઉમદુ ઉદાહરણ પુરૂ પાડ્યું છે તેમ સંજયકુમાર બારોટ, પ્રમુખ આરોગ્ય કર્મચારી યુનિયન, ભિલોડાએ જણાવ્યું હતું. દિકરીઓએ પુત્રધર્મ નિભાવી માતાને અગ્નિદાહ આપી પુત્રો તરીકેની ફરજ નિભાવી હતી.

## દાંતા તાલુકાના માછાવા ગામની સીમમાં ભીલડી ડુંગરમાંથી આદિવાસી યુવકનો મૃતદેહ મળ્યો

જગદીશભાઈ ભુરાભાઈ કોદરવી રહે. માછલા તા.દાંતા વાળાઓએ જાહેર કરેલ કે પોતાનો ભાઈ શ્રવનભાઈ ભુરાભાઈ કોદરવી ઉ.વ.૨૦ રહે.માછલા તા.દાંતા વાળાઓ માછલા ગામની સીમમાં ભીલડા ભીલડી નામથી ઓળખાતા ડુંગરમાંથી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ અને તેને છાતીના ભાગે ઈજા થયેલ છે. જેથી હડાદ પોલીસે મૃતકની સરકારી દવાખાનામાં લાવેલ અને તપાસ થવા એ.મોત રજી કરવામાં આવેલ છે. તપાસ ડી.કે. બ્રહ્મભટ્ટ ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ હડાદ પો.સ્ટે.કરી રહ્યા છે. મરણ જનારના મોતનું ચોક્કસ કારણ જાણવા પી.એમ.ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# ખંભીસર પંચાયતના સરપંચને હોદ્દા પરથી મોકૂફ કેમ ન કરવા તે અંગે ખુલાસો મંગાયો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લા સહિત રાજ્યમાં ખંભીસરનું વરઘોડા પ્રકરણ ખુબ ચર્ચામાં રહ્યું હતું. તે સમયે મોડાસા તાલુકાના ખંભીસર ગામે દલિત યુવકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તે સમયે ગામના જ એક કોમના લોકોએ ગામના જે રસ્તાઓ ઉપરથી વરઘોડો નિકળવાનો હતો તે માર્ગો પર યજ્ઞકુંડ બનાવી અને મહિલાઓ દ્વારા રસ્તાઓ ઉપર ભજન કિર્તનના કાર્યક્રમો કરી વરઘોડો રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને આ પ્રકરણમાં પથ્થરમારા સહિતની ઘટનાઓ પણ બની હતી. જેમાં મોડાસા રૂરલ પોલીસ મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો દાખલ થતાં તેઓને જેલ હવાલે પણ કરવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં ખંભીસરના સરપંચ પણ સામેલ હોવા અંગેનો ગુનો નોંધાયો હતો. જેને પગલે તાલુકા વિકાસ અધિકારીએ ખંભીસરના સરપંચને હોદ્દા ઉપરથી મોકૂફ કેમ ન કરવા તે અંગે લેખિતમાં ખુલાસો જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ આપવા માટેની નોટીસ પાઠવી હતી.

બહુચર્ચિત ખંભીસર ગામના દલિત વરઘોડા પ્રકરણમાં ૧૨-૫-૨૦૧૯ના રોજ ખંભીસર ગામના જયેશભાઈનો વરઘોડો ગામમાં ન નિકળે તે માટે આ કામના આરોપીઓએ પોતાના સામાન્ય ઈરાદો પાર પાડવા એક સંપ થઈને તમામ પટેલ ફળિયાના નાકે હવનકુંડ બનાવી ભજન કિર્તન કરી રસ્તાઓ રોકી તેમજ પ્રેમનગર પટેલ ફળિયામાં જતા વરઘોડાને અટકાવી દલિતોની વિનંતીનો અસ્વિકાર કર્યો હતો અને જાહેરમાં જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલવામાં આવ્યા હતા. જ્યારે ગાળો બોલીને પથ્થરમારો પણ કરવામાં આવતાં વરઘોડામાં સામેલ દલિતોને ઈજાઓ પણ પહોંચી હતી. બાદમાં સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું અને પોલીસ બંદોબસ્ત વચ્ચે યુવકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. દલિત યુવકનો વરઘોડો રોકવા અંગે એટ્રોસીટી એક્ટ હેઠળ મોડાસા રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. દલિતનો વરઘોડો ન કાઢવા દેવા દલિતોને હેરાન કરનારાઓ સામે ગુનો નોંધાયો હતો અને અટકાયત પણ કરવામાં આવી હતી. જેમાં ખંભીસરના સરપંચને પણ ૨૧-૮-૨૦૧૯ થી ૩૧-૮-૨૦૧૯ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા.

આ અંગે તાલુકા વિકાસ અધિકારીએ ખંભીસરના સરપંચ બળદેવભાઈ ધુળાભાઈ પટેલને પોતાના હોદ્દાનો દુરુપયોગ કર્યો હોવાથી ગુજરાત પંચાયત અધિનિયમની કલમ હેઠળ તમોને સરપંચના હોદ્દા પરથી કેમ દુર ન કરવા તે અંગેનો ખુલાસો આપવા માટે નોટીસ આપી હતી.